# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

Since 1954




Since 1954

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા BNI Avishkar ની  સયુંકત મિટીંગ યોજાયેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા BNI Avishkar ની આજરોજ તા.૨૬-૧૨-૨૦૨૩ ના રોજ રાજકોટ ચેમ્બર હોલ ખાતે સયુંકત મિટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં BNI Avishkar ના પ્રમુખશ્રી ઋષિ વશા, ઉપપ્રમુખશ્રી સંદિપ તળાવીયા, સપોર્ટ ડાયરેકટરશ્રી મનિષ ડઢાણિયા, એકઝીકયુટીવ ડાયરેકટરશ્રી કશ્યપ ચોટાઈ ઉપસ્થિત રહેલ. મિટીંગના પ્રારંભે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ સૌને આવકારી જણાવેલ કે રાજકોટ ચેમ્બર તથા BNI Avishkar ની આ પ્રથમ સયુંકત મિટીંગનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ આવનારા દિવસોમાં વધુ ને વધુ સયુંકત મિટીંગ થાય અને બિઝનેશને લગતા વિચાર-વિમર્શની ચર્ચા કરી શકીએ.

BNI Avishkar ના પ્રમુખશ્રી ઋષિ વશાએ આજની મિટીંગ યોજવામાં બદલ રાજકોટ ચેમ્બરનો આભાર વ્યકત કરી BNI Avishkar ની કામગીરીની સૌને જાણકારી આપી BNI ના આશરે ૧૨ જેટલા ચેપ્ટરો કાર્યરત છે જે અલગ અલગ સેકટરોનું પ્રતિનિધિત્વ કરી રહયું છે. તેમજ પરસ્પર વેપાર-ઉધોગમાં વૃદ્ધી થાય તે માટે સહકાર પુરો પાડવામાં આવી રહયો છે.

રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા કરાયેલ સફળ કામગીરીની સંપુર્ણ માહિતી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આપીને વેપાર-ઉધોગકારોને કોઈપણ પ્રશ્નો કે સુચનો હોય તો ધ્યાને મુકવા અનુરોધ કરેલ. ત્યાર બાદ BNI Avishkar ના એકઝીકયુટીવ ડાયરેકટરશ્રી કશ્યપ ચોટાઈએ BNI દ્વારા યોજાતા એકઝીબીશનો, ટ્રેનીંગ સેન્ટરો તેમજ દર માસે મળતી મિટીંગો અંગે જાણકારી આપેલ.

મિટીગના અંતે BNI Avishkar ના ઉપસ્થિત મેમ્બરો દ્વારા વન ટુ વન પરિચય આપી પરસ્પર બિઝનેશ ગ્રોથ માટે જયાં પણ સહયોગની જરૂર પડે તે આપવામાં આવશે. તેમજ સમગ્ર મિટીંગનું સંચાલન રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ કરેલ તેમજ આભાર વ્યકત BNI Avishkar ના વૈશાલીબેન પારેખએ કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.